# ગોઠવી આપો

વહ્યાં’તાં એ ક્રમે આંસુનાં મોતી ગોઠવી આપો,
તમે બે આંખથી ટપકેલી જોડી ગોઠવી આપો.

ભળી ગઈ છે બધીયે એકબીજામાં દુકાનેથી,
હવે એ પહેરવા ચણિયા ને ચોળી ગોઠવી આપો.

તમે વિદ્યાર્થીઓની ગોઠવો છો એ બરાબર છે,
ભણાવે એની પણ કોઈ કસોટી ગોઠવી આપો.

તમે સંઘર્ષ બહુ સારો કર્યો છે એટલા માટે,
સહજ રીતે બીજા જણનીય રોજી ગોઠવી આપો.

શિશુએ આવીને એવું કહ્યું કાગળ બતાવીને,
નદી દોરી છે, એમાં તરતી હોડી ગોઠવી આપો.

અભણ ને ગ્રામ્ય લોકો જે રીતે વાતો કરે છે એ,
બરાબર સાંભળો ને એવી બોલી ગોઠવી આપો.

૨-૧૧-૨૦૨૧

# હવે તમને

નશાની કોઈ જરૂરત નથી હવે તમને,
અગર કોઈથી શિકાયત નથી હવે તમને.

અનુભવાઈ રહી'તી મનેય ઓટ બહુ,
સરસ થયું કે મહોબત નથી હવે તમને.

એ મિત્રતા મેં ગુમાવીને મેળવ્યું છે વધુ,
કે મારી સાથે અદાવત નથી હવે તમને.

દરેક વાતે તમે નામ જેનું લેતાં'તાં,
ખુદાની કેમ રહેમત નથી હવે તમને?

ગણે છે કઈ રીતે માણસ તમોને મહેફિલના,
જો કોઈ દોસ્તની સોબત નથી હવે તમને.

એ મૃત્યુલોક પછી સ્વર્ગમાં જો આવ્યાં છો,
કોઈ અભાવની બાબત નથી હવે તમને.

૨૫-૧૧-૨૦૨૨

# આસમાનથી

જાણે કે ઊતરી છે પરી આસમાનથી,
ગંગા વધુ પવિત્ર થઈ તારા સ્નાનથી.

સૃષ્ટિને નીરખીને સમજ કેળવાય છે,
અજ્ઞાન મારું કોઈ વધારો ન જ્ઞાનથી.

મારાથી કેમ મારો પરિચય ન થઈ શકે,
હું કેમ ઓળખાઉં બીજાના બયાનથી.

એક દેશથી, પ્રદેશથી ને ગામથી પછી,
છેવટ રહે લગાવ ફક્ત ખાનદાનથી.

જીવન ટકાવવાની ફક્ત વાત હોય છે,
શું આવવાની હોય મજા ખાનપાનથી.

*૧૮-૮-૨૦૨૧*

# અલગ હોતા નથી

તન અલગ છે મન અલગ હોતાં નથી,
આપણાં જીવન અલગ હોતાં નથી.

ત્યાં તને જે થાય એવાં થાય છે,
મારાં સંવેદન અલગ હોતાં નથી.

બેઉના મિત્રો અલગ હોઈ શકે,
પણ અહીં દુશ્મન અલગ હોતા નથી.

રાખીએ ખુશ એકબીજાને સતત,
કે મનોરંજન અલગ હોતાં નથી.

મારા માટે તું ને તારે કાજ હું,
કોઈ પણ બંધન અલગ હોતાં નથી.

૨-૮-૨૦૨૧

# સાથ આપ્યો છે

સવારે સોનાએ સાંજે રૂપાએ સાથ આપ્યો છે,
ને એણે સાથ આપ્યો તો બધાંએ સાથ આપ્યો છે.

કોઈની સાથ મેં ક્યારેય પણ જોયા નથી એને,
કહે છે તે છતાં સૌ કે ખુદાએ સાથ આપ્યો છે.

બધાંને રાખવા રાજી પછી આભાર માન્યો મેં,
દવાએ સાથ આપ્યો છે, દુઆએ સાથ આપ્યો છે.

પ્રયાસો ચાલવાના હોય કેવળ સત્યના રસ્તે,
જો રોક્યો કોઈએ તો કાયદાએ સાથ આપ્યો છે,

જુઓ ઇતિહાસ તો એમાં ઘણા ખોટાય છે રાજા,
ને હર એક વાતમાં ત્યારે, પ્રજાએ સાથ આપ્યો છે.

રડી લેવાનું મન થઈ જાય છે એવા સમય વખતે,
નહીં બીજા કોઈ, તારા ખભાએ સાથ આપ્યો છે.

ઘણાં છોડી અને ચાલ્યા ગયાં છે એકલો મૂકી,
અને ત્યારે મને બીજાં ઘણાંએ સાથ આપ્યો છે.

૧૩-૯-૨૦૨૨

# પ્રશ્નો જ ઊભા થાય છે

બહાર નીકળીએ અને પ્રશ્નો જ ઊભા થાય છે,
કોઈને મળીએ અને પ્રશ્નો જ ઊભા થાય છે.

પ્રશ્ન એમાં કોઈ પણ પૂછ્યો નહીં હોવા છતાં,
વાત સાંભળીએ અને પ્રશ્નો જ ઊભા થાય છે.

આપણા જેવા વિચારો કોઈના હોતા નથી,
ભીડમાં ભળીએ અને પ્રશ્નો જ ઊભા થાય છે.

આપણી પાછળના અટકી જાય છે જોઈ અને
જો પરત વળીએ અને પ્રશ્નો જ ઊભા થાય છે,

સ્થિર ઊભા હોય છે તે પહાડને ચિંતા રહે,
સહેજ સળવળીએ અને પ્રશ્નો જ ઊભા થાય છે.

૨૬-૫-૨૦૨૨